
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મીન**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે ચંદ્ર રાત્રે સવા બે વાગે મેષ રાશિમાં પ્રવેશે છે. આજે અમાસ છે. મીનારક કમૂરતાં અને ચાંડાલ યોગ ચાલે છે. શનિ અને ગુરુ વક્રગતિ ચાલે છે. અમાસની યુતિના ગ્રહો સૂર્ય - ચંદ્ર સાથે સાથે છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** આઠમા સ્થાનની શનિ - મંગળની યુતિની ખરાબ અસરોથી સાવચેત રહેશો. પડવા - વાગવા - દાઝવાથી સાચવવું - બાકી બીજા ગ્રહો સારા છે - મિશ્ર ફળવાળો દિવસ થાય.

**વૃષભ** બારમે બુધ અને ચોથે ચાંડાલ યોગની અસરો તમારા અંગત જીવનમાં આજે ઉથલ-પાથલ કરે તેવા સંજોગો છે - ભક્તિ પૂજા સમય વ્યતીત થાય તો સારું.

**મિથુન** બધા જ ગ્રહોની સ્થિતિ જોતાં તમો સારા સમયમાંથી પસાર થઈ રહ્યા છો. ત્રીજે - છઠ્ઠે - દસમે - અગિયારમે બધા ગ્રહો આવી જાય છે. સુયોગ થયો છે.

**કર્ક** બીજે ચાંડાલ યોગ અને પાંચમે સંતાન સ્થાનમાં શનિ મંગળની યુતિ તમારા સંતાનો બાબતના પ્રશ્નો ઊભા કરશે - અભ્યાસ નહીં કરે - સાવધ રહેશો.

**સિંહ** રાશિમાં ગુરુ - રાહુનો (બંને વક્રી) ચાંડાલ યોગ તમોને વાણીમાં અસભ્ય - ઉચ્ચારણો કરાવે જેથી વાણી ઉપર સંયમ રાખીને ચાલશો તો ફાવશો.

**કન્યા** તમારી અમાસ તમારા માટે પુનમનો આનંદ લઈને આવનારી છે. કૌટુંબિક સુખ સારું પ્રાપ્ત થશે - મિત્રો તરફથી મદદ મળશે - દિવસ આનંદમાં જશે.

**તુલા** મિશ્ર ફળ પ્રાપ્ત કરનાર દિવસથી તમારો સમય જશે - એક પલ સારી તો બીજી ખરાબ પળોનો સામનો કરવો પડશે. કૌટુંબિક સુખ સારું રહેશે - સાવચેતી રાખશો.

**વૃશ્ચિક** રાશિમાં મંગળને શનિની યુતિ વારંવાર તમોને તમારા નિર્ણયો ફેરવાવે તેવા યોગ છે માટે જે કોઈ નિર્ણય લો તેને વળગી રહેશો તો શનિની સાડાસાતીમાં રાહત રહેશે.

**ધન** તમારે માટે વધુ પડતા ખોટા ખર્ચાના ખાડામાં પડો તેવા યોગ છે - ન જોઈતી વસ્તુ ખરીદાય - ન ધારેલા તેવા વધુ પડતા વાયુના રોગોને કારણે મેડીકલ ખર્ચાઓ થાય - સાવધ રહેવું.

**મકર** આઠમે ચાંડાલ યોગના કારણે તમારી માનસિક સ્થિતિ સારી રહેશે નહીં - બને તેટલા વધુ પ્રવૃત્તિમય રહેશો તો સારું. પ્રવૃત્ત રહેશો તો માનસિક પ્રશ્નો ઉભા નહીં થાય.

**કુંભ** સિંહ રાશિમાં ચાલતો ચાંડાલ યોગ તમોને ડરપોકપણા સાથેના કોટા વિચારો લાવશે. જેના પરિણામે તમો વારંવાર ખોટા ખોટા ખર્ચાઓમાં સપડાઈને હેરાન થશો.

**મીન** રાશિમાં શુક્રની સાથે ચંદ્રની સૂર્યની યુતિ અમાસની યુતિ તરીકે ઉત્તમ છે - દિવસ સામાન્ય કરતાં વધારે સારો જશે - વૈભવી ખરીદી થઈ શકે તેવા યોગ છે.

# પાલનપુરમાં પાટીદારો દ્વારા સામૂહિક રીતે મુંડન કરાવાયું

**વિરોધ પ્રદર્શન કરનાર ૨૧થી વધુની ધરપકડ : ઉગ્ર વિરોધ પ્રદર્શન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પાટીદારો જોડાયા : મુંડન બાદ રાજ્ય સરકારના બેસણાનો કાર્યક્રમ**

પાલનપુર,તા. ૬ ગુજરાતમાં પાટીદાર સમુદાય માટે અનામતની માંગણી કરીને મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારને હચમચાવી મુકનાર પાટીદારો હવે આંદોલનના નવા રાઉન્ડની તૈયારીમાં આવી ગયા છે. આ સંદર્ભમાં પાટીદારો હવે વધુમાં વધુ કઠોર બની ગયા છે. આજે પાલનપુરમાં પાટીદારોએ મુંડન કાર્યક્રમની શરૂઆત કરી હતી.



આને લઈને સઘન સુરક્ષા પણ ગોઠવવામાં આવી હતી. આજે પાટીદારોએ પાલનપુરથી મુંડન કાર્યક્રમની શરૂઆત કરી છે. સવારે પાલનપુર હાઈ વે પર આવેલી બાલાજી સોસાયટીના હોલમાં મુંડન કરાવ્યા પછી બેસણાનો કાર્યક્રમ યોજ્યો હતો અને આ પછી પાલનપુરના કિર્તિ સ્તંભની ગુરુનાનક ચોક સુધી વિરોધ પ્રદર્શન કર્યું હતું. જો કે, અગાઉથી હાજર પોલીસે ૨૧થી વધુ પાટીદારોની અટકાયત કરી છે. આજે વિરોધ પ્રદર્શનના કાર્યક્રમમાં પાટીદાર આંદોનકારી રેશ્મા પટેલ, પાસના કન્વીનર અતુલ પટેલ સહિતના પાટીદારો મોટી સંખ્યામાં જોડાયા હતા. હાર્દિક પટેલ ને છોડાવવા માટે આજે બનાસકાંઠા એસ પી જી ગ્રુપ દ્વારા સરકારને શ્રદ્ધાંજલિ આપવા માટે ૧૫ થી વધુ પાટીદારો એ મુંડન કરાવ્યા હતા તેમજ કુલ ૨૧ પાટીદારોની અટકાયત કરાઈ છે. પાલનપુરમાં આજે સવારથી જ પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે પાટીદારોને સામુહિક મુંડનની પરવાનગી મળી ન હતી જો કે પાટીદારો પહેલેથી જ કોઈપણ ભોગે સામુહિક મુંડન કરાવવા મક્કમ હતા તેના પગલે કાર્યક્રમથી નજીકના અંતરે ૧૫ જેટલા પાટીદારોએ સામુહિક મુંડન કરાવ્યા હતા તેમજ મુંડન બાદ પાલનપુરના ગુરુનાયક ચોક ખાતે વિરોધ પ્રદર્શન કરતા ૨૧ પાટીદારોની અટકાયત કરાઈ હતી. જેમાં અમદાવાદથી આવેલા પાસકન્વીનર અતુલ પટેલે પણ સામુહિક મુંડન કરાવ્યું હતું. જો કે આવનાર સમયમાં પણ આ લડત શરૂ જ રહેશે તેમજ હાર્દિક પટેલને સરકાર દ્વારા છોડવામાં નહી આવે તો હજુ પણ જલદ કાર્યક્રમ અપાશે




તેમ પાસ કન્વીનર અતુલ પટેલે જણાવ્યું હતું. આજ સવારે પાટીદારોને ગુરુનાનક ચોકમાં મુંડન કાર્યક્રમ હોવાથી સવારથી જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ૧૦૦થી વધુનો પોલીસ કાફલો ઉતારી દેતા પાટીદારોએ કાર્યક્રમ સ્થળ બદલી નાખ્યું હતું અને મુંડન કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# નભોઈ સ્થિત જૈન વાટીકાની પ્લોટીંગ સ્કીમમાં ૨૦૦ કરોડનું કૌભાંડ

**પ્લોટો વેચી માર્યા બાદ જમીનના ભાવો વધતા બિલ્ડરની દાનત બગડી ને પ્લોટ ધારકો સાથે કરોડોની છેતરપીંડી આચરી : વેચાયેલા પ્લોટના દસ્તાવેજ ન કર્યા ને બીજી પાર્ટીઓને વેચીને બિલ્ડર પાર્ટનર બની ગયો : દસ મોટા માથાઓ સામે ગુનો દાખલ : એલસીબીએ તપાસ આરંભી**

ગાંધીનગર, તા. ૬ ગાંધીનગર નજીક સ્થિત કોબા ગામને અડીને આવેલા નભોઈ ખાતે જૈન વાટીકા પ્લોટીંગ સ્કીમ વર્ષ ૧૯૯૬માં પડી હતી. ઘણા પ્લોટ વેચાઈ ગયા બાદ જમીનના ભાવોમાં આવેલા ઉછાળાને જોઈને બિલ્ડરની દાનત બગડી અને કેટલાક ગ્રાહકોને બહાના બતાવીને જુના ભાવ પ્રમાણે લીધેલા રૂપિયા પાછા આપી દીધા અને કેટલાક જે ન માન્યા તેમને પઝેશન આપી દીધા પરંતુ દસ્તાવેજ ન કરી આપ્યા..! આ વેચી દીધેલા પ્લોટો બીજી પાર્ટીઓને વેચીને બિલ્ડરે દસ્તાવેજ કરાવી દીધો અને સ્કીમનો પાર્ટનર બની ગયો. કખ્ખામાં પડેલી આ સ્કીમમાં થયેલા કૌભાંડ અંગે ગઈકાલે ઈન્ફોસિટી પોલીસમથકમાં ફરીયાદ નોંધાવા પામી છે. ૧૦ મોટા માથાઓ સામે અંદાજે રૂ. ૨૦૦ કરોડની છેતરપીંડીનો ગુનો દાખલ થવા પામ્યો છે. જે અંગે ગાંધીનગર એલસીબી પીઆઈએ તપાસ શરૂ કરી છે.

અમદાવાદ શાહીબાગ ખાતે રહેતા અને કૌભાંડના ભોગ બનેલા ૧૪૩ વ્યક્તિઓ પૈકીના એક સંજયભાઈ જીવણભાઈ પટેલે ઈન્ફોસિટી પોલીસમથકમાં ગઈકાલે વિશ્વાસઘાત અને છેતરપીંડી સંદર્ભે ફરીયાદ નોંધાવી છે. જેમાં અમદાવાદના મોટા બિલ્ડર, વેપારીઓ, એક મોલના પ્રોપરાઈટરના પત્નિ અને ગાંધીનગરના જાણીતા બિલ્ડર તથા શાળા માલીકના નામોનો એફઆઈઆરમાં સમાવેશ થાય છે. પાલડીના મહેશ ફકીરચંદ મહેતા, રાજીવ મહેશ મહેતા, સેજલ રાજીવ મહેતા, રોનક મહેશ મહેતા, સેટેલાઈટના રૂપલ રોનક મહેતા, ચિરાગ કિર્તી મહેતા, કિરણ ચિરાગ મહેતા, કિર્તી ફકીરચંદ મહેતા, અમદાવાદના એક પ્રતિષ્ઠિત મોલના પ્રોપરાઈટરની પત્નિ પરેશા કમલેશ મોદી અને ગાંધીનગરના સે. ૨૨ વાસ્તુનિર્માણ સોસાયટી પ્લોટ નં. ૬૩૩ ખાતે રહેતા વિશ્વબંધુ ડાહ્યાભાઈ પટેલ સામે આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને ૧૨૦બી હેઠળ ગુનો દાખલ થવા પામ્યો છે.

ફરિયાદમાં થયેલા ઉલ્લેખ મુજબ વિશ્વબંધુ પટેલે વર્ષ ૧૯૯૬માં નભોઈ પાસે જૈન વાટીકા નામની વિશાળ પ્લોટીંગ સ્કીમ પાડી હતી તે સમયે રૂ.૧ હજાર પ્રતિવાર ભાવ પ્રમાણે પ્લોટ વેચ્યા હતા. ત્યાર બાદ વર્ષ ૨૦૦૦માં ભાવ રૂ. ૧૫૦૦ પ્રતિવાર થયા... વર્ષ ૨૦૦૫માં રૂ. ૩૫૦૦ પ્રતિવાર અને તબક્કાવાર જમીનના ભાવ ઉછળવા લાગ્યા..! સસ્તામાં વેચેલા આ પ્લોટના દસ્તાવેજ કરવામાં આવ્યા ન હતા. ચેક અને કેશથી પેમેન્ટ લીધા બાદ કેટલાકને પઝેશન આપ્યા હતા. દસ્તાવેજ કરવાનો વારો આવ્યો ત્યારે પ્લોટના વધુ રૂપિયા મળે તેવુ હોવાનું મનોમન વિચારીને દાનત બગાડી ગ્રાહકોને જુના ભાવ પ્રમાણે રૂપિયા પરત આપવાનું શરૂ કરવામાં આવ્યું. કેટલાકને સમજાવીને રૂપિયા પરત કરી દીધા પરંતુ કેટલાક ગ્રાહકો મક્કમ રહ્યા ને તે પ્લોટ જ માંગતા હતા. તેમને પઝેશન આપ્યા પણ દસ્તાવેજ થયો ન હતો. ચાલ રમીને વિશ્વબંધુએ અન્ય આરોપીઓને જમીન વેચીને ભાગીદાર બની ગયો. આ મામલો ડખ્ખામાં હતો. દરમ્યાન ગઈકાલે ફરીયાદ નોંધાતા એલસીબી પીઆઈ આશુતોષ પરમારે સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે. આ જમીન સમના ભાવ પ્રમાણે અંદાજે ૨૦૦ કરોડની થાય છે.

## આરોપી વિશ્વબંધુની એલસીબીએ કરી ધરપકડ

**કોર્ટમાં રજુ કર્યો ત્યાં જ બ્લડપ્રેશર વધી જતા આરોપીને હોસ્પિટલાઈઝ્‌ડ કરાયો : રિમાન્ડ માટે ફરી કોર્ટમાં રજુ કરાશે**

રૂ. ૨૦૦ કરોડની છેતરપીંડી સંદર્ભે નોંધાયેલા ગુનાની તપાસ ગાંધીનગર એલસીબીએ શરૂ કરી છે અને પીઆઈ આશુતોષ પરમારે વિશ્વબંધુ પટેલની ધરપકડ પણ કરી લીધી હતી. આજે આરોપી વિશ્વબંધુને રિમાન્ડ મેળવવા કોર્ટમાં રજુ કરવામાં આવ્યો ત્યાં જ બ્લડપ્રેશર વધી જતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. હાલ મેડીકલ ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવેલા આરોપી વિશ્વબંધુને સવારે કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવાની કર્યવાહી કરવામાં આવશે.

## મેમણા દૂધ મંડળીના મંત્રી પાસેથી ૧ લાખની લાંચ લેતા બે ઓડિટરો એસીબીના હાથે ઝડપાયા

મહેસાણા, તા. ૬

પાટણ જિલ્લાના શંખેશ્વર તાલુકાના મેમણા ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ઓડીટમાં કોઈ ભૂલ નહીં કાઢવા પેટે મંડળીના મંત્રી પાસેથી રૂપિયા એક લાખની લાંચ લેતાં બે ઓડીટરોને એસીબીએ ઝડપી લેતા જિલ્લાના સરકારીતંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

વિગત એવી છે કે, મેમણા ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં સને ૨૦૧૪-૧૫ના વર્ષના ઓડીટમાં કોઈ ભુલ નહી કાઢવા માટે મંડળીના મંત્રી પાસે મહેસાણાના બે ઓડીટરોએ રૂપિયા એક લાખની લાંચની માંગણી કરી હતી. જેથી દૂધ મંડળીના મંત્રી શંકરભાઈ સંગરામભાઈ રબારીએ મહેસાણા એસીબી કચેરીનો સંપર્ક કરી લાંચ અંગે છટકુ ગોઠવરાવ્યું હતું. જેમાં સરકારી પંચોની હાજરીમાં જિલ્લા કલેક્ટર કચેરી મહેસાણાના પ્રાંગણમાં દૂધ મંડળીના મંત્રી પાસેથી રૂપિયા એક લાખની લાંચ લેતા ઓડીટર કનુભાઈ જે. પટેલ અને ભગુભાઈ આર. ચૌધરી બંને જણા એસીબીના અધિકારીએ ગોઠવેલ છટકામાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

લાંચ લેતા ઝડપાયેલા બંને ઓડીટરો વિરૂદ્ધ મહેસાણા એસીબી પો.ઈ. બી.એલ. દેસાઈએ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ કાયદેસર ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## પ્રાંતિજ સહિત જિલ્લામાં ચૈત્રી નવરાત્રીનો આઠમીથી આરંભ : તડામાર તૈયારીઓ

પ્રાંતિજ, તા. ૬ સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ ખાતે આદ્યશકિત આરાધનાના પર્વ ચૈત્રી નવરાત્રીનો આરંભ તા ૮-૪-૨૦૧૬થી થઈ રહ્યો છે. ત્યારે પ્રાંતિજ સહિત તાલુકામાં ચૈત્રી નવરાત્રી મહોત્સવમાં દર વર્ષની જેમ ધર્મ પ્રેમી અને ગરબારસિકોમાં ઉત્સવ જોવા મળી રહ્યો છે. ત્યારે પ્રાંતિજ વેરાઈ માતાના મંદિર ખાતે મંદિર વ્યવસ્થા સ્થાપક તથા યુવક મંડળ દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે.

પ્રાંતિજ ખાતે આવેલ વેરાઈ માતાના મંદિર ખાતે ૨૯મો ચૈત્રી નવરાત્રી મહોત્સવ યોજાશે જેમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મંદિર સહિત ચોકમાં રંગબેરંગી લાઈટોથી સજાવટ કરવામાં આવી છે જયારે તા.૮-૪-૨૦૧૬ને શુક્રવારના રોજ દીપસ્થાપન ધજા દંડ અને તા. ૧૫-૪-૨૦૧૬ શુક્રવારના રોજ દુર્ગાષ્ટમી હવન તથા તા.૧૫-૪-૨૦૧૬ ને શનિવારના રોજ રાત્રે ૯ કલાકે અન્નકુટ ભરવામાં આવશે. જયારે નવરાત્રી દરમ્યાન ૯-૩૦ કલાકે આરતી યોજાશે.

## દિયોદર હાઈવે પર પશુ ભરેલ પીકઅપ ડાલુ દિવાલે અથડાયુ

દિયોદર, તા. ૬ દિયોદર હાઈવે વિસ્તાર ઉપરથી કતલખાને લઈ જવાતા પશુ ભરેલ પીકઅપ ડાલાને ગૌરક્ષકોએ રોકવની કોશિષ કરતા ગાડીના ડ્રાઈવરે ગફલતભર્યુ ડ્રાઈવીંગ કરી ગાડી ભગાડી મુકી હતી. જેમાં આગળ જતા ગાડી દિવાલ સાથે અથડાતા ગાડીમાં રહેલ પાંચ પશુના જીવ બચી ગયા હતા અને ડ્રાઈવર સમય સૂચક દાખવી ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

જાણવા મળતી માહિતી મુજબ દિયોદર હાઈવે જેતડા ત્રણ રસ્તા ઉપર ગૌરક્ષકો દિપકગીરી ગૌસ્વામી, મયુર ઠક્કર, દશરથ પરમાર, રમેશ ભાટી વોચ ગોઠવી ઉભા હતા ત્યારે મીઠા તરફથી આવતી પીકપ ગાડી નં. જીજે.૧૫-ઝેડ-૭૮૦૫ને ગૌરક્ષકોએ રોકવાની કોશિષ કરી હતી. જેમાં ગાડીના ડ્રાઈવરે પુરઝડપે ગાડી હંકારી મુકી હતી. જેમાં ગફલતભરી ડ્રાઈવીંગ થત ગાડી આગળ જતા દિવાલ સાથે અથડાઈ હતી. જેમાં ડ્રાઈવર સમય સુચક દાખવી ફરાર થઈ ગયો હતો. ગૌરક્ષકોએ ગાડીમાં તપાસ કરતા પાણી-ઘાસ ચારાની સુવિધ વિના ખિચોખીચ પાંચ પશુ મળી આવ્યા હતા. જેમાં તમામ પશુને દિયોદર પાંજરાપોળ ખાતે મોકલી દઈ ગાડી પોલીસમથકે લાવી ચાલક વિરૂદ્ધ ગુન્હો નોંધાવ્યો હતો.

જેમાં આગળના દિવસે પણ ખાણોદર ગામ પાસેથી ગૌરક્ષકો અને ગામલોકોએ પાંચ પશુને બચાવ્યા હતા અને ત્રણેને મેથીપાક ચખાડ્યો હતો. ત્યારે આ વિસ્તારમાં મુંગા પશુને કતલખાને લઈ જવાનો સિલસિલો યથાવત હોવાનું દેખાઈ રહ્યું છે.

### વિકાસની રાજનીતિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નરેન્દ્રભાઈએ સંભાળ્યા છે તેમાં કાર્યકર્તાની ધગશ, પ્રેમ અને હૂંફ પણ એટલો જ મહત્વનો રહ્યો છે.

આ પ્રસંગે ભાજપના સંગઠ્ઠન મંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયાએ જનસંઘના કાળના સંસ્મરણોને વાગોળી ભાજપના ઉદયની વાત કહી હતી. તેમણે સંઘ પર થતા આક્ષેપોને ફગાવતા એવો દાવો કર્યો હતો કે સંઘ રાષ્ટ્રભાવનાના ઘડતરનું કામ કરી સામાજિક સમરસતાનો સંદેશ વિસ્તારવાનું કામ કરતી સંસ્થા છે.

તેમણે જે રીતે અરાજકતાવાદીઓએ માથુ ઉચક્યુ છે તેમને રૂકજાવ કહેવાનો સમય આવી પહોંચ્યાનું જણાવી સશક્ત ભાજપ સશક્ત દેશની કલ્પનાને સાકાર કરવા આહ્‌વાન કર્યું હતું.

તેમણે આજની ગૌરવકૂચને વિજયકૂચ તરીકે પણ લેખાવી હતી. પ્રારંભમાં રમીલાબેન બારાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આ પ્રસંગે વિનાયક પટેલે પ્રતિજ્ઞા વાંચન કરાવ્યું હતું તો ફાલ્ગુન વોરાએ રાષ્ટ્રગીતનું ગાન કરાવ્યું હતું.

### કલરકામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાર્યરત છે. જયારે સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ ટોરેન્ટ પાવર સંભાળે છે. શહેરમાં અજવાળુ પાથરવા માટે વર્ષે સરકાર દ્વારા લાઈટ બીલનો તોતિંગ ખર્ચ પણ કરવામાં આવે છે. આમછતા સેકટરોમાં છાશવારે સ્ટ્રીટ લાઈટ બંધ રહેતી હોવાની પણ ફરિયાદો ઉઠવા પામે છે. શહેરના સેકટરોમાં એક અંદાજ મુજબ ૪૦ ટકા જેટલી સ્ટ્રીટ લાઈટના થાંભલા બંધ હાલતમાં હોય છે. જયારે વરસાદી ઋતુમાં પણ સ્ટ્રીટ લાઈટ બંધ રહેતી હોવાનો આક્રોશ વધુ પ્રબળ બને છે. ત્યારે બંધ રહેતી લાઈટો ઉપરાંત થાંભલાઓની પણ યોગ્ય જાળવણી યોગ્ય રીતે ન થતી હોવાથી સેકટરોના થાંભલા સદંતર કંગાળ હાલતમાં જોવા મળી રહયા છે. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી જાહેરાતનુ માધ્યમ બનેલા સ્ટ્રીટ લાઈટના થાંભલા પર વિવિધ જાહેરાત માટેને પેમ્ફલેટ ચિપકાવેલા નજરે પડે છે. જેના લીધે કટાઈ ગયેલા થાંભલા વધુ કંગાળ હાલતમાં જોવા મળી રહયા છે. સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલર કરવા માટે તેમજ આ પ્રકારની જાહેરાત ન થાય તે માટે સ્થાનિક નાગરિકોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. પરંતુ જવાબદાર તંત્ર દ્વારા કોઈ પગલા ન લેવાતા જાહેરાત કરતા વેપારીઓને ખુલ્લો દૌર મળ્યો છે. લાંબા સમયના અંતે તંત્ર દ્વારા શહેરના સ્ટ્રીટ લાઈટના પોલ્સને સોહામણાં બનાવવા માટે કલર કરવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. સે-૩માં આંતરિક વિસ્તારમાં થાંભલાઓને કલર કામ શરૂ કરી દેવાયુ છે. તંત્રના જણાંવ્યા મુજબ સર્વેના અંતે જરૂરી પોલ્સને કલર કરવામાં આવી રહયો છે.

### રોગચાળાને ડામવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે અગાઉ કરાડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે પાણી વિતરણની સાથે નગરજનોને ગુણવત્તાની દ્રષ્ટીએ પણ યોગ્ય પાણી પુરવઠા ઉપલબ્ધ થાય તેની પણ પુરતી તકેદારી રાખવામાં આવે છે. બદલાતી ઋતુ પ્રમાણે પાણીમાં કલોરીનેશનની માત્રામાં જરૂરી ફેરફાર કરવામાં આવે છે. ગરમીનુ જોર વધતા પાણીમાં કલોરીનની માત્રા પણ વધારી દેવામાં આવી છે. અત્યારસુધી પાણીમાં ૨થી ૨.૫ પી પી એમ સુધી કલોરીનેશન રાખવામાં આવ્યુ હતુ. જયારે ગરમીની સિઝનને ધ્યાને લઈ પાણીજન્ય રોગચાળાને ડામવા માટે હાલ ૨.૫ થી ૩ પી પી એમ કલોરીનેશન કરી દેવાયુ છે.

### ખુંખાર આતંકવાદી

● અનુસંધાન પહેલાનું ચાલુ

નવા ઈનપુટ બાદ પાટનગર દિલ્હી, મુંબઈ અને દેશના અન્ય ભાગોમાં સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી હતી.પંજાબમાં પઠોણકોટ ખાતે હુમલા કરવામાં આવ્યા બાદ સાવચેતીના તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. ધાર્મિક સ્થળો, મોટા મોલ, બજારો ખાતે પણ સુરક્ષા વધારી દેવામાં આવી હતી. આતંકવાદી હુમલા બાદ પંજાબમાં સુરક્ષાદળોને મહત્તમ સાવધાની રાખવા માટે કહેવામાં આવ્યું છે. જમ્મુ-કાશ્મીર સાથે સંબંધિત સરહદ ઉપર સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. પઠાણકોટમાં હુમલા બાદ પંજાબ ઉપરાંત ગુજરાત, ચંદીગઢ, પડોશી રાજ્ય હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં પણ એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. પાટનગર દિલ્હીમાં પણ સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી હતી. સંસદ, મેટ્રો અને વીઆઈપી વિસ્તારોની સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી હતી. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મહારાષ્ટ્રના જુદા-જુદા ભાગોમાં પણ સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી છે. ભારત અને પાકિસ્તાનની સરહદ ઉપર બીએસએફને પણ સાવધાન રહેવા માટે કહેવામાં આવ્યું છે.

### લાગણીનો મેળો

● ૪ પાનાનું ચાલુ...

સ્પર્શમણિ :

સંતસમાગમ, દાનપૂણ્ય, જપ, તપ, પરમાત્મસેવા અને મહાપુરુષોનો આદર, સન્માનથી આપણા સદગુણોનો વિકાસ થાય છે.

સદગુણી માણસ જ સૃષ્ટિમાં સર્જનાત્મક કાર્ય કરી શકે છે.

Rasikvaland1961@gmail.com

### પાણી મહત્વનું

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખુલાસો કરવા માટે કહેવામાં આવ્યું છે. જસ્ટિસ વીએમ કનાડે અને એમએસ કર્ણીકની બનેલી ખંડપીઠે એનજીઓ લોકસત્તા મૂવમેન્ટની જાહેરહિતની અરજી ઉપર સુનાવણી ચલાવતી વેળા કહ્યું હતું કે, ક્રિકેટ એસોસિએશન અને બીસીસીઆઈ આ રીતે પાણીની બરબાદી કરી શકે નહીં. આઈપીએલ મેચ કરતા પાણી વધારે મહત્વપૂર્ણ છે. આટલી લાપરવાહી ચાલી શકે નહીં. આ રીતે પાણીની બરબાદી અપરાધ સમાન છે. મહારાષ્ટ્રની સ્થિતિ ખુબ જ ખરાબ છે. બીસીસીઆઈ અને અન્ય ક્રિકેટ એસોસિએશન માટે ક્રિકેટ મેચ વધારે મહત્વપૂર્ણ થ્છે તેવો પ્રશ્ન પણ કરવામાં આવ્યો હતો. મામલાની સુનાવણી આવતીકાલ સુધી ટાળી દેવામાં આવી હતી. મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ, વિદર્ભ ક્રિકેટ એસોસિએશન, મહારાષ્ટ્ર સરકાર, મુંબઈ તથા નાગપુર નગરનિગમ પાસેથી જવાબની માંગ કરવામાં આવી છે. જાહેરહિતની અરજીમાં કહેવામાં આવ્યું છે કે, ત્રણેય સ્ટેડિયમોમાં પીચની જાળવણી માટે આશરે ૬૦ લાખ લીટર પાણીની જરૂર પડશે.

### પુરાવા અપાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતે પોતાના દસ્તાવેજમાં ભારતમાં એવા આશરે ૬ ત્રાસવાદી હુમલાની વિગત આપી હતી જેમાં જૈશે મોહમ્મદની સંડોવણી હતી. આમા પઠાણકોટ હુમલાનો ઉલ્લેખ કરાયો હતો. અલબત્ત અઝહરના નેશનલ ઓળખ અથવા તો પાસપોર્ટની વિગત તપાસ સંસ્થાઓ મેળવી શકી નથી. જેથી આ કોલમને ખાલી છોડી દેવામાં આવી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, વર્ષ ૨૦૧૩માં આ આતંકવાદી હુમલો કરવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં અન્ય લોકો પણ ઉપસ્થિત રહ્યા હતા. બંને વચ્ચે બેઠકમાં અફઝલ ગુરુને ફાંસી આપવા સાથે સંબંધિત મુદ્દો છવાઈ ગયો હતો. આ બેઠકમાં કટ્ટરપંથી પાસા ઉપર પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. રાવલપિંડીમાં જૈશે મોહમ્મદના હેડક્વાર્ટરમાં આ બેઠક યોજાઈ હતી જેમાં મસૂદ અઝહર, હાફીઝ સઈદ, હિઝબુલ લીડર સઈદ સલાઉદ્દીન ઉપસ્થિત રહ્યા હતા.

### તંદુરસ્ત સમાજ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૭૭૨ મહીલાઓને બ્રેસ્ટ કેન્સર અને ૨૭૪ મહિલાઓનું બ્રેસ્ટ અને સર્વાઈકલ કેન્સર હોવાનું જાણી શકાયું. રાજય સરકારે આ તમામ મહિલાને વિનામુલ્યે સારવાર આપવા વ્યવસ્થા કરી છે. રાજયના આરોગ્ય મંત્રી નિતિનભાઈ પટેલ કહે છે. આવા તો અનેક ક્ષેત્રો છે જ્યાં રાજય સરકારે પ્રો.એક્ટિવ બનીને સામુહિક આરોગ્યની ચિંતા કરી છે. તેમની વાત સાચી છે. સમગ્ર દેશે ગુજરાતના શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમને વખાણ્યો છે. રાજયભરમાં શાળાએ જતા કે મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરી છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજયમાં ૭.૫૯ કરોડ બાળકોના આરોગ્યની તપાસણી કરવામાં આવી.

### વાહનના નિકાલ માટે જાહેર ટેન્ડર કમ હરાજી

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સેક્ટર-૧૮, ગાંધીનગર હસ્તકની ટાટા સુમો ગાડી નં. જીજે-૧૮-જી-૧૦૩૧, મોડલ ૧૯૯૯ (ડીઝલ) (તળીયાની કિંમત રૂ. ૪૫૦૦૦/-) તથા મૂલ્યાંકન નિયામકની કચેરી, ગાંધીનગર હસ્તકની એમ્બેસેડર ગાડી નં. જીજે-૧૮-જી-૧૧૯૫ (CNG) (તળીયાની કિંમત રૂ. ૩૫૦૦૦/-)ના નિકાલ માટે તા. ૨૬/૪/૨૦૧૬ના રોજ બપોરના ૧૩:૦૦ કલાકે કચેરીમાં ટેન્ડર કમ હરાજી રાખવામાં આવેલ છે. ટેન્ડર કમ હરાજીમાં ભાગ લેનાર ઈસમોએ નિયત નમૂનામાં બંધ કવરમાં ભાવો તા. ૨૨/૪/૨૦૧૬ સુધીમાં કચેરીમાં મળે તે રીતે ડીપોઝીટની રકમ રૂ. ૫૦૦૦/-ના ડિમાન્ડ ડ્રાફ્ટ બંન્ને ગાડીઓના અલગ અલગ સાથે મોકલવા જણાવવામાં આવે છે. ટેન્ડર કમ જાહેર હરાજીની શરતો અને બોલીઓ કચેરીમાંથી કામકાજના સમયે મેળવી લેવા વિનંતી છે.

સંયુક્ત નિયામક (પીએલએમ-૫)
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર
ગાંધીનગર

માહિતી/૩૯/૨૦૧૬-૧૭